રાજ્યના બિન આદિજાતી વિસ્તાર, આદિજાતિ વિસ્તાર અને ખાસ અંગભૂત યોજના હેઠળના વિસ્તારની ધોરણ ૯ થી ૧૨ની નિભાવ અનુદાન અને ફી વિકલ્પ વાળી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે શિક્ષણ પૂરુ પાડવા માટેની નવી બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૫/૧૨૮૦/ગ,
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૧૦/૪/૨૦૧૭**

**વંચાણે લીધા:**

**(૧)** કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/નવીબાબત/ ૨૦૧૬ /મા-૧/૩૧૬૧૭/૧૮

**(૨)** કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/નવીબાબત/ ૨૦૧૬/મા-૧/૩૧૬૧૮/૨૦

**(૩)** કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/નવીબાબત/ ૨૦૧૬/મા-૧/૩૧૬૨૧/૨૨

**(૪)** કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના તા.૧૫/૦૩/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/મા-૧/વિના મૂલ્ય શિક્ષણ/૨૦૧૭/૩૯૧૪-૧૫

**(૫)** કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના તા.૧૫/૦૩/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/મા-૧/વિના મૂલ્ય શિક્ષણ/૨૦૧૭/૩૯૧૨-૧૩

**(૬)** કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના તા.૧૫/૦૩/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/મા-૧/વિના મૂલ્ય શિક્ષણ/૨૦૧૭/૩૯૧૦-૧૧

**આમુખ:**

સમગ્ર દેશમાં " બેટી બચાવો - બેટી પઢાવો" ઝુંબેશ અંતર્ગત કન્યાઓને સક્ષમ બનાવવા પ્રયત્નો થઇ રહ્યાં છે આ બાબતે ગુજરાતે હંમેશા દેશને નેતૃત્વ પૂરૂ પાડેલ છે. આ ઝુંબેશના ભાગ રૂપે રાજ્ય સરકારે હવે રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ મળી રહે તે માટેનો એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

આ માટે ચાલુ વર્ષે (વર્ષ ૨૦૧૭-૧૮) ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે નીચે મુજબની વિગતે કૂલ રૂ.૧૫૫૫.૪૧/- લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિસ્તાર | જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | **બિન આદિજાતિ** | ૧૨૬૦.૩૭ |
| ૨ | **આદિજાતિ** | ૨૨૩.૩૬ |
| ૩ | **ખાસ અંગભૂત** | ૧૧૧.૬૮ |
| | *કૂલ* | *૧૫૯૫.૪૧* |

આ અંગેની જોગવાઈ અન્વયે વહીવટી મંજુરી આપવા માટે કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના સંદર્ભ (૪), (૫) અને (૬) હેઠળના પત્રોથી દરખાસ્ત કરવામાં આવેલ છે. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ મળી રહે તે માટે સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ થયેલ કૂલ રૂ. ૧૫,૯૫,૪૧,૦૦૦/- (અંકે રૂપિયા પંદર કરોડ પંચાણું લાખ એકતાલીસ હજાર પૂરા)ની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે

**શરતો:**

(૧) આ યોજના જૂન - ૨૦૧૭થી શરૂ થનાર શૈક્ષણિક સત્રથી લાગુ પડશે.

(૨) આ યોજનાનો લાભ રાજ્ય સરકારના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીઓની (કન્યા)ઓને મળશે.

(૩) રાજ્ય સરકાર રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી કોઇપણ વિદ્યાર્થીઓની પાસેથી કોઇપણ પ્રકારની ફી લઇ શકાશે નહીં.

(૪) સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ઉક્ત શાળામાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓની સંખ્યા પ્રથમ શૈક્ષણિક સત્ર માટે તા. ૩૦ સપ્ટેમ્બરની સ્થિતિએ મેળવી તા. ૧૫ ઓક્ટોબર સુધીમાં અને બીજા સત્ર માટે તા.૩૧ ઓક્ટોબરની સ્થિતિએ મેળવી તા. ૧૫ ડિસેમ્બર સુધીમાં મેળવી નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરને અવશ્ય મોકલવાની રહેશે અને આ સંખ્યાના આધારે પ્રથમ અને બીજા સત્રના અંતે ફીની ગણતરી કરી શાળાને ફીની રકમ ભરપાઇ (reimburse) કરી આપવામાં આવશે.

જોકે બીજા સત્રના અંતે ચૂકવણી કરતા સમયે કન્યાઓની દરેક માસની સરેરાશ સંખ્યાને ધ્યાને લઇને ચૂકવણી કરવાની રહેશે. આ બાબતે જો પ્રથમ સત્રમાં માસવાર સરેરાશ સંખ્યા કરતા વધારે કે ઓછી રકમની ચૂકવણી થઇ હશે તો બીજા સત્રના અંતે આ હિસાબ સરભર કરી તફાવતની રકમની ભરપાઇ કરવાની રહેશે.

(૫) માત્ર નિભાવ ગ્રાન્ટ લેતી શાળાઓને કન્યાઓની ફીની રકમ સરભર કરી ગ્રાન્ટ સ્વરૂપે આપવામાં આવશે. જ્યારે ફી વિકલ્પવાળી શાળાઓને ગ્રાન્ટ સ્વરૂપે ભરપાઇ (reimburse) કરી આપવામાં આવશે.

(૬) ફીની રકમ સરભર કરવા કે ફીની રકમ ભરપાઇ (reimburse) કરી આપવા સિવાય અન્ય કોઇ હેતુસર આ જોગવાઇ હેઠળ ફાળવવામાં આવેલ રકમનો ખર્ચ કરી શકાશે નહિં.

(૭) રાજ્ય સરકાર રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ જે ફી નક્કી કરે તે પ્રવર્તમાન દરની મર્યાદામાં જ કન્યાઓની ફી જ સંસ્થાઓને મજરે આપવાની રહેશે.

તેમ છતાં કોઇ સંસ્થા સરકાર દ્વારા નિયત થયેલા દર કરતાં કન્યા માટે **ઓછી ફી** વસૂલતી હોય તો ખરેખર વસૂલવામાં આવતી ફી મુજબ મજરે આપવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં થયેલી જોગવાઇની મર્યાદામાં અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પૂરતી અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) પ્રવર્તમાન યોજનાના ધોરણો અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે

(૧૬) આ યોજના અન્વયે શાળા કક્ષાએ કોઇ ફરિયાદ કે રજૂઆત હોય તો પ્રથમ સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારી અને ત્યાર બાદ જરૂર જણાયે નિયામકશ્રી, શાળાની કચેરી, ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

(૧૭) હવે પછી રાજ્ય સરકાર રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કન્યાઓ પાસેથી કોઇપણ પ્રકારની

ફી કોઈપણ સ્વરૂપે લેવાના સંજોગોમાં તે શાળાની ગ્રાન્ટ કાપ થી લઈ શાળાની નોંધણી રદ કરવા/ શાળાનો વહીવટ સરકાર હસ્તક લેવા સુધીના પગલા લેવામાં આવશે. આ અંગે બેદરકારી દાખવનાર સંબંધિત જિલ્લાના શિક્ષણ અધિકારી સામે પણ ખાતાકીય રાહે પગલા લેવામાં આવશે.

**આ અંગેનું ખર્ચ નીચે મુજબના બજેટ સદરોએ કરવાનું રહેશે.**

| ક્રમ | વિસ્તાર | બજેટ સદર | જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | બિન આદિજાતિ | EDN: ૧૮, માંગણી નં ૯ (આયોજન)<br>મુખ્ય સદર ૨૨૦૨- સામાન્ય શિક્ષણ, ૦૨-માધ્યમિક શિક્ષણ, ૧૧૦-બિન સરકારી માધ્યમિક શાળાઓને સહાય, ૦૧-બિન સરકારી માધ્યમિક શાળાઓનો વિનિયમિત વિકાસ (૨૨૦૨-૦૨-૧૧૦-૦૧) | ૧૨૩૦.૩૭ |
| ૨ | આદિજાતિ | EDN: ૧૮, માંગણી નં ૯૬ (આયોજન)<br>મુખ્ય સદર ૨૨૦૨- સામાન્ય શિક્ષણ, ૦૨-માધ્યમિક શિક્ષણ, ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, ૦૨-બિન સરકારી માધ્યમિક શાળાઓનો વિનિયમિત વિકાસ (૨૨૦૨-૦૨-૭૯૬-૦૧) | ૨૨૩.૩૬ |
| ૩ | ખાસ અંગભૂત | EDN: ૧૮, માંગણી નં ૯૫ (આયોજન)<br>મુખ્ય સદર ૨૨૦૨- સામાન્ય શિક્ષણ, ૦૨-માધ્યમિક શિક્ષણ, ૧૧૦-બિન સરકારી માધ્યમિક શાળાઓનો વિનિયમિત વિકાસ, ૦૧-બિન સરકારી માધ્યમિક શાળાઓને સહાય વિકાસ (૨૨૦૨-૦૨-૧૧૦-૦૧) | ૧૧૧.૬૮ |
| | | **કુલ** | ૧૫૬૫.૪૧ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગ દ્વારા તા.૩૦/૩/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મહેશ ભટ્ટ)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં ૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર.સચિવ.શ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશ્નર શાળાઓની કચેરી ગાંધીનગર મારફતે)
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશ્નર શાળાઓની કચેરી ગાંધીનગર મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ.
- સંબંધિત ફાઈલ
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.